પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૬ | ૮ નવેમ્બર, ૨૦૨૨, મંગળવાર; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# EWS અનામત યથાવત રહેશે : સુપ્રીમ

**પાંચ ન્યાયમૂર્તિની બેચમાં ૩ વિરૂદ્ધ ૨ મતથી ચુકાદો : મુખ્ય ન્યાયમૂર્તિ યુયુ લલિતે પણ અનામતની વિરૂદ્ધમાં મત વ્યક્ત કર્યો**

**સુપ્રીમ કોર્ટ દ્વારા સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા લોકોને ૧૦ ટકા અનામતની જોગવાઈને પડકારનારી અરજી પર ચુકાદો**

નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટ સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા લોકોને ૧૦ ટકા અનામતની જોગવાઈ (EWS અનામત) ને પડકારનારી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો. ૫ જજોની બેંચમાંથી ૩ જજ આ અનામતના સમર્થનમાં એક મત હતા. જ્યારે ઝર્તે એ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે જીઝ/જી/ભ્ઝ સમુદાયને આર્થિક આધાર પર અનામતમાંથી બહાર રાખવા એ ભેદભાવપૂર્ણ છે. આમ તેમણે આ મામલે જસ્ટિસ ભટ્ટનું સમર્થન કર્યું. આથી આ ચુકાદો ૩ઃ૨ થી આવ્યો કહી શકાશે.

આ કેસમાં ચીફ જસ્ટિસ યુયુ લલિત, જસ્ટિસ દિનેશ માહેશ્વરી, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ જે બી પારડીવાલાની બેન્ચે ચુકાદો આપ્યો. જસ્ટિસ માહેશ્વરી, જસ્ટિસ બેલા ત્રિવેદી અને જસ્ટિસ પારડીવાલાએ અનામતનું સમર્થન કર્યું છે. જ્યારે ચીફ જસ્ટિસ યુયુ લલિત અને જસ્ટિસ રવિન્દ્ર ભટ




તેના વિરુદ્ધમાં છે. વાત જાણે એમ છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે સામાન્ય વર્ગના લોકોને આર્થિક આધાર પર ૧૦ ટકા અનામત આપવા માટે બંધારણમાં ૧૦૩મું સંશોધન કર્યું હતું. પરંતુ તેના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં ૪૦થી વધુ અરજીઓ દાખલ થઈ હતી.

જસ્ટિસ દિનેશ મહેશ્વરીએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યું કે સવાલ મોટો હતો કે શું ઈઉજી અનામત બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ છે? શું તેનાથી SC /ST/ ObC ને બહાર રાખવા એ મૂળ ભાવના વિરુદ્ધ છે? તેમણે કહ્યું કે ઈઉજી કોટા બંધારણનો ભંગ કરતું નથી. ઈઉજી અનામત યોગ્ય છે. તે બંધારણની કોઈ જોગવાઈનો ભંગ કરતું નથી. તે ભારતના બંધારણના પાયાના માળખાનો ભંગ કરતું નથી.

જસ્ટિસ બેલા ત્રિવેદીએ કહ્યું કે મે જસ્ટિસ દિનેશ મહેશ્વરીના અભિપ્રાય પર સહમતિ જતાવી છે.


● અનુસંધાન પાન-૭ પર


## સમયની સાથે નિયમો અને કાયદા પણ બદલાય : શાહ

નવી દિલ્હી, તા.૭

ગરીબ સવર્ણો માટે ૧૦ ટકા આરક્ષણ એટલે કે ઈડબલ્યુએસ આરક્ષણ પર આજે સુપ્રીમ કોર્ટે નિર્ણય સંભળાવ્યો છે. જેના પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની પ્રતિક્રીયા સામે આવી છે. અમિત શાહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે આરક્ષણને સંવિધાનિક માન્યું છે. સમયની સાથે નિયમ અને કાયદા પણ બદલાય. સમાજના અનેક લોકોને મનમાં એવુ થતુ કે મને પણ મળવુ જોઈએ. અમારી સરકારે બિનઅનામત જાતિઓ માટે ૧૦ ટકા રિઝર્વેશન કર્યું. સમાજમાં તેને બહોળો આવકાર મળ્યો. કેટલાક તેને સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે તેને માન્ય રાખ્યુ હતું. અમિત શાહે કહ્યું કે, EWS સંવિધાનિક રીતે લાગુ કરવામાં આવ્યું છે. સમયની સાથે નિયમોમાં પણ બદલાવ જરૂરી છે. મોદી સરકારના આ નિર્ણયનો સમાજના લોકો સ્વાગત કર્યું છે. કેટલાક લોકોએ આ નિર્ણયને પડકારી હતી, પણ મને ખુશી છે કે નિર્ણય યથાવત રહ્યો છે.

## નોટબંધીના છ વર્ષ પૂર્ણ : રોકડ વિક્રમી સ્તરે

**લોકો પાસે રોકડ વધીને પહોંચી રેકોર્ડ સ્તર પર : મોદીએ ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ અર્થતંત્રમાં ભ્રષ્ટાચાર અને કાળા નાણાની સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરી દીધી હતી**

નવી દિલ્હી,તા.૭

આવતીકાલે ૮ નવેમ્બરે દેશમાં નોટબંધીના છ વર્ષ પૂર્ણ થશે અને આજે પણ નોટબંધી સફળ રહી કે નહીં તેની ચર્ચા ચાલી રહી છે. ઘણા નાણાકીય નિષ્ણાતો કહે છે કે નોટબંધી કાળા નાણાને ઘટાડવાના તેના ઉદ્દેશ્યમાં સફળ થઈ, જ્યારે ઘણા નિષ્ણાતો માને છે કે તે સંપૂર્ણ નિષ્ફળતા હતી. હવે એક ડેટા સામે આવ્યો છે જે દર્શાવે છે કે દેશમાં રોકડનો ઉપયોગ હજુ પણ પુષ્કળ પ્રમાણમાં છે અને આરબીઆઈના આ ડેટા પછી નોટબંધી અંગેની ચર્ચા ફરી એકવાર શરૂ થાય તેવી શક્યતા છે. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ સુધીમાં, જનતા પાસે ઉપલબ્ધ રોકડ રૂ. ૩૦.૮૮ લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે, જે દર્શાવે છે કે નોટબંધીના છ વર્ષ પછી પણ દેશમાં રોકડનો પુષ્કળ ઉપયોગ ચાલુ છે. આ આંકડો ૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ પૂરા થયેલા પખવાડિયામાં ચલણમાં રહેલા ચલણના સ્તર કરતાં ૭૧.૮૪ ટકા વધારે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પખવાડિયાના ધોરણે જાહેર કરાયેલા નાણાં પુરવઠાના આંકડા અનુસાર, આ વર્ષે ૨૧ ઓક્ટોબર સુધી લોકોમાં ચલણમાં ચલણનું સ્તર વધીને રૂ. ૩૦.૮૮ લાખ કરોડ થઈ ગયું છે. ૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ પૂરા થયેલા પખવાડિયામાં આ આંકડો ૧૭.૭ લાખ કરોડ રૂપિયા હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ અર્થતંત્રમાં ભ્રષ્ટાચાર અને કાળા નાણાની સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરી દીધી હતી. આ પગલાનો હેતુ ભારતને 'ઓછી રોકડ' અર્થતંત્ર બનાવવાનો હતો. ઘણા નિષ્ણાતો દ્વારા આ


● અનુસંધાન પાન-૭ પર


## EWS મામલે સુપ્રીમના નિર્ણયનું કોંગ્રેસે કર્યુ સ્વાગત

નવી દિલ્હી, તા.૭

આર્થિક રૂપથી નબળા વર્ગને (ઈઉજી) અપાતી અનામતને સુપ્રીમ કોર્ટે યથાવત રાખી છે. સોમવાર (૭ નવેમ્બર) એ સુપ્રીમ કોર્ટે એડમિશન અને સરકારી નોકરીઓમાં ઈઉજી માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરનારા ૧૦૩માં બંધારણીય સંશોધનના પક્ષમાં ચુકાદો આપ્યો.

સર્વોચ્ચ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે, ઈઉજી અનામત બંધારણના પાયાના માળખાનું ઉલ્લંઘન કરતું નથી. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યુ કે EWS શ્રેણી માટે ૧૦ ટકા કોટા યથાવત રાખવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયનું કોંગ્રેસ પાર્ટી સ્વાગત કરે છે. આ યાત્રામાં કોંગ્રેસે મહત્વની ભૂમિકા નિભાવી છે. આ અનામત મનમોહન સિંહના નેતૃત્વવાળી સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રક્રિયાનું પરિણામ છે.

જયરામ રમેશે કહ્યુ કે નરેન્દ્ર મોદી સરકારે તે પણ સ્પષ્ટ કરવું જોઈએ કે જાતિ આધારિત વસ્તી ગણતરી પર તેમનું શું વલણ છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે તેનો ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે સામાજિક આર્થિક અને જાતિ જનગણનાને ૨૦૧૨ સુધી પૂરી કરી લેવામાં આવી હતી. તે સમયે હું ગ્રામીણ વિકાસ મંત્રી હતો. મોદી સરકારે સ્પષ્ટ કરવું પડશે કે નવી જાતિ આધારિત વસ્તી ગણતરીને લઈને તેમનું શું વલણ છે. કોંગ્રેસ તેનું સમર્થન કરે છે અને તેની માંગ કરે છે.

કોંગ્રેસ મહાસચિવનું નિવેદન પાર્ટી નેતા ઉદિત રાજના નિવેદન બાદ આવ્યું છે. કોંગ્રેસ નેતા ઉદિત રાજે સુપ્રીમ કોર્ટના ચુકાદા પર નારાજગી વ્યક્ત કરી છે.


DOT Net Programmer
Interface Software Inc
98250 82967
Sector-30 Gandhinagar


## ક્રૂડ ઓઈલના ભાવમાં જબરદસ્ત ઘટાડો છતાં ભાવમાં રાહત નહીં

**ઓગસ્ટ સપ્ટેમ્બરમાં રેકોર્ડ ઘટાડો જોવા મળ્યો છે : રાજ્ય સ્તર પર પેટ્રોલ પર લાગતા ટેક્સના કારણે અલગ અલગ શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ અલગ હોય છે**

નવી દિલ્હી,તા.૭

ક્રૂડના ભાવમાં સોમવારે સવારે ફરી એક વાર ભાવ ઘટાડો થયો છે. ઘરેલૂ બજારમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા પાંચ મહિનામાંથી વધુમાં વધુ એક જ સ્તર પર ચાલી રહ્યા હતા. જો કે છેલ્લા કેટલાય દિવસોથી ક્રૂડ ઓયલમાં ઉપરનીચે થઈ રહ્યું છે. ઓગસ્ટ સપ્ટેમ્બરમાં રેકોર્ડ ઘટાડો જોવા મળ્યો છે. તેમ છતાં પણ તેમાં તેજી જોવા મળી રહી છે. રવિવારે જબરદસ્ત તેજી સાથે ક્રૂડના ભાવ ૧૦૦ ડોલરની નજીક પહોંચ્યા હતા. પણ સોમવારે સવારે તેમાં ફરી એક વાર ઘટાડો આવ્યો


● અનુસંધાન પાન-૭ પર


## આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ બન્યો વિરાટ કોહલી

દુબઈ, તા.૭

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે (ICC) ઓક્ટોબર મહિના માટે પ્લેયર ઓફ ધ મંથ માટે એવોર્ડની જાહેરાત કરી દીધી છે. આ વખતે આ એવોર્ડ ભારતના દિગ્ગજ બેટર વિરાટ કોહલીને આપવામાં આવ્યો છે. કોહલીને આ એવોર્ડ દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ટી૨૦ સિરીઝમાં શાનદાર પ્રદર્શન અને ટી૨૦ વિશ્વકપમાં સારા પ્રદર્શન માટે આપવામાં આવ્યો છે.

વિરાટ કોહલીએ આ એવોર્ડ ઝિમ્બાબ્વેના દિગ્ગજ ઓલરાઉન્ડર સિકંદર રઝા અને દક્ષિણ આફ્રિકાના બેટર ડેવિડ મિલરને પછાડીને હાસિલ કર્યો છે. કોહલીએ પ્રથમવાર આઈસીસી પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો છે. તેણે ઓક્ટોબર મહિનામાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમ ઈન્ડિયાને જીત


● અનુસંધાન પાન-૭ પર












